જયાં શ્રદ્ધા પ્રગટે છે એ પથ્થરની મૂર્તિ પણ ઇશ્વર બની જાય છે.. શ્રદ્ધા પ્રગટતી નથી ત્યારે એ મૂર્તિ માત્ર પથ્થર હોય છે
- હૃદયસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૬૮ | ૩૦ ઓગસ્ટ, ૨૦૧૪, શનિવાર; ભાદરવા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

### અડવાણી રાજકારણ છોડવાના માર્ગે

ભાજપના સૌથી સીનીયર નેતા અને પૂર્વ નાયબ વડાપ્રધાન



લાલકૃષ્ણ અડવાણીને ક્રમશઃ હાસિયામાં ધકેલી દેવાયા છે ત્યારે હવે તેઓએ સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લઈ લેવાની ગંભીર વિચારણા શરૂ કરી છે. અડવાણી પોતે નિવૃત્ત થઈને પુત્રીને રાજકીય વારસદાર બનાવવાના માર્ગે હોવાના નિર્દેશ છે.

ભાજપના સંસદીય બોર્ડમાંથી પણ હાંકી કઢાયેલા અને માત્ર માર્ગદર્શક સમિતિમાં જ સ્થાન મેળવનારા લાલકૃષ્ણ અડવાણી પોતાના તરફના પાર્ટીના અભિગમથી હતાશ થઈ ગયા છે અને એટલે સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લેવાનું વિચારવા લાગ્યા છે.

### મોદીની ગેરહાજરીમાં રાજનાથ ઈન્ચાર્જ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ચાર દિવસની જાપાન મુલાકાતે



જઈ રહ્યા છે તેમના સ્થાને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી રાજનાથ સિંઘ સત્તાવાર રીતે પીએમના ચાર્જમાં શ્રી સિંઘ જો આવશ્યક પડે તો કેબીનેટ બેઠકમાં અધ્યક્ષસ્થાને રહેશે. શ્રી મોદી હવે જાપાન જશે પછી રાજનાથસિંઘ દિલ્હીમાં જ રહેશે. તેમની તા. ૨ની કાશ્મીર મુલાકાત રદ થઈ છે. શ્રી મોદી પાંચ દિવસ બાદ પરત આવશે. શ્રી રાજનાથસિંઘને 'નેક્સ્ટ ઈન કમાન્ડ'નો હવાલો અપાયો છે. મતલબ કે વડાપ્રધાનની તમામ સત્તા તેમની પાસે રહેશે.

### કેન્દ્રીય કર્મચારીઓ પર હવે લાઈવ નજર


સરકારી કર્મચારીઓની ઓફીસમાં આવાગમન અને હાજરી ચકાસવા માટે એક



મહત્વના કદમમાં મોદી સરકારે એક ખાસ એટેન્ડન્સ વેબસાઈટ તૈયાર કરી છે જે તમામ કેન્દ્રીય કચેરીઓને આવરી દેશે. એટેન્ડન્સ ડોટ ગવ.ઈન નામની વેબસાઈટનું કામકાજ ચાલુ છે જેની મદદથી ઓફીસમાં કર્મચારીઓની હાજરી પર ઓનલાઈન નજર રહેશે. કયા કર્મચારી કયા સમયે ઓફીસમાં આવ્યા, ક્યારે ગયા, કેટલો સમય ટેબલ પર હતા અને કામ કરતા હતા કે ઝોકા ખાતા હતા તે પણ નજર રાખશે. આ માટે આધાર બેઈઝ બાયોમેટ્રીક સીસ્ટમ દાખલ થઈ છે. દરેક કર્મચારીને છ આંકડાનો ખાસ ઓળખ નંબર મળશે અને તેમાં દરેક કર્મચારીની દરેક કલાકની હાજરીની નોંધ થશે.

### પૃથ્વીની સંચાર વ્યવસ્થા ખોરવાઈ શકે

સૂર્ય ભયાનક જ્વાળાઓ



રૂપી આગ ઓકવા લાગ્યો છે અને તેની દિશા પૃથ્વીની હરોળમાં આવવી શરૂ થઈ હોવાથી જીપીએસ તથા સંચાર વ્યવસ્થા ખોરવાઈ જવાનો ખતરો હોવાની ચેતવણી નાસાએ ઉચ્ચારી છે.





પ્રતિક્રમણ - ક્ષમાપનાના મહાપર્વ સંવત્સરીની સાંજે પોતાનીજાત તરફ અર્થાત 'જાતભણી' જવાની પવિત્ર પ્રક્રિયા એટલે પ્રતિક્રમણ... દેરાસરોમાં જૈન શ્રાવકો આચાર્ય મહારાજ સાહેબની નિશ્રામાં પોતાનાથી પ્રત્યક્ષ યા પરોક્ષ થયેલી ભૂલોનો એકરાર કરી, એકમેકને પૂરક બનવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરાય છે... શિસ્તબદ્ધ રીતે, સુસંસ્કૃત મહોલમાં જૈન શ્રાવકોએ પ્રતિક્રમણ કર્યા હતા. (તસવીર : દિપક જાની)

# જિલ્લા પંચાયતમાં ભારે રાજકીય ઉત્તેજના

## આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા : કોંગ્રેસના નવ સભ્યો ભાજપમાં જોડાયા બાદ મળી રહેલી પ્રથમ બેઠકમાં બન્ને પક્ષો રાજકીય વ્યૂહરચનામાં વ્યસ્ત

ગાંધીનગર, તા. ૨૯

રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા બપોરે બે વાગે જિલ્લા પંચાયતના સભાખંડમાં પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના અધ્યક્ષસ્થાને મળશે.

બન્ને પક્ષો દ્વારા રાજકીય વ્યૂહરચનાઓને આજે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જોકે રાજકીય પક્ષો તંત્રને જવાબદાર ઠેરવવાની રણનીતિ તૈયાર કરી રહ્યાનું મનાઈ રહ્યું છે. જે રીતે પ્રશ્નો રજુ થયા છે તે જોતાં આવુ ચિત્ર સ્પષ્ટ રીતે ઉપસી રહ્યું છે.

પ્રશ્નોત્તરીનો સમય સૌથી વધુ ઉત્તેજીત બની રહેશે તેમ મનાઈ રહ્યું છે. મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસ દ્વારા રેતી કાંકરીની ગ્રાન્ટ, કારોબારીની સત્તાઓ પરત લેવાની વાત જેવા મુદ્દાઓને કોર્ટમાં પડકાર્યા હોવાથી તે મુદ્દાઓ પરની ચર્ચા ટાળવામાં આવશે. ન્યાયાધીશ બાબતોની ચર્ચા થઈ શકતી ન હોવાથી બન્ને પક્ષો હવે કઈ રણનીતિ અપનાવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

કોંગ્રેસ પક્ષે તેના સભ્યોને સમજાવવાના કરેલા પ્રયાસોમાં નિષ્ફળતા મળ્યા બાદ નામ-નિર્દિષ્ટ અધિકારીની કોર્ટમાં પક્ષાંતર ધારા ભંગની ફરિયાદ કરી છે અને તે કેસમાં મુદત પડી છે. બીજી તરફ કોંગ્રેસ પક્ષે તેના તમામ સભ્યોને મેન્ડેટની બજવણી પણ કરી દીધી છે. જેથી પક્ષાંતર ધારા ભંગની ફરિયાદ વધુ મજબુત બની શકે.

બીજી તરફ ભાજપના રણનીતિકારો પણ સમગ્ર વ્યૂહરચના અંગે મૌન સેવી રહ્યા છે. રાજકીય સંઘર્ષ કરતાં કાનૂની સંઘર્ષ પેચીદો બન્યો હોવાથી બન્ને પક્ષોની રાજકીય વ્યુહરચનાના મુદ્દે ભારે ઉત્તેજનાઓ પ્રવર્તી રહી છે.

આજની આ બેઠકમાં સભ્યોના સમિતિઓમાંથી રાજીનામા મંજૂર કરવામાં આવશે. બીજી તરફ નવા સભ્યોની નિમણુંકને લઈ પણ કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ ઉપરાંત વિવિધ સમિતિઓની કામગીરી અંગે પણ ચર્ચાઓ થશે. આ બેઠકમાં ખેતીવાડી-મહિલા બાળ કલ્યાણ વિકાસ સમિતિની સત્તાઓ પાછી ખેંચવામાં આવે તેવી પણ શક્યતાઓ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના નવ સભ્યો ભાજપમાં જોડાયા ત્યારબાદ આ પ્રથમ સામાન્ય સભા હોવાથી રાજકીય ઉત્તેજનાઓ વધુ જોવા મળી રહી છે.

તંત્રએ પણ જિલ્લા પોલીસ સમક્ષ પુરતો બંદોબસ્ત રાખવા માટેની અરજી કરી દીધી છે. જેથી કોઈ અપ્રિય ઘટનાઓ ન બને. તંત્ર દ્વારા પણ આ સામાન્ય સભાને લઈ પુરતી તૈયારીઓ કરવામાં આવી છે.





સ્વાગતમ્ ગણપતિબાપા - ગણેશ ચતુર્થીની મંગલ પ્રભાતે ગણપતિજીનું સ્વાગત પરંપરાગત શૈલીમાં મહારાષ્ટ્રીયન પરિવારો દ્વારા કરાયું હતું. ગણપતિબાપાની શોભાયાત્રાના માર્ગ પર બાપાના સ્વાગત રૂપે જળથી માર્ગને સ્વચ્છ અને શાંત કરવાનો ભાવ અભિવ્યક્ત કરાયો હતો. પરંપરામાં પવિત્ર જળના છંટકાવથી વાતાવરણ પવિત્ર બને છે એવી માન્યતા અનુસાર ગણપતિબાપાનું ભાવપૂર્વક સ્વાગત કરાયું હતું. (તસવીર : દિપક જાની)

## એન.એ.બી.એચ.ની ટીમ ૬-૭ સપ્ટેમ્બરના રોજ સિવિલની મુલાકાતે આવી રહી છે

### તંત્ર દ્વારા સેવાઓના સઘનીકરણની સાથે સંકુલની સફાઈ સહિતની કામગીરી પૂરજોશમાં ચાલે છે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એન.એ.બી.એચ.ના ઈન્સ્પેક્શન માટે આગામી ૬ અને ૭ સપ્ટેમ્બરના રોજ ટીમ ગાંધીનગર આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે આ અંગેની જાણ તંત્રને કરી દેવામાં આવી છે અને તંત્રએ પણ સતત ત્રીજીવાર એન.એ.બી.એચ. પ્રમાણપત્ર મેળવવા માટેની તડામાર તૈયારીઓ આરંભી દીધી છે.

તંત્ર દ્વારા આ માટે કર્મચારીઓને તાલિમનું પુનરાવર્તન કરાવી લેવામાં આવ્યું છે. આ ઉપરાંત જે કંઈ ત્રુટીઓ અગાઉ જોવા મળી હતી તેનું રીપીટેશન ના થાય તેની વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. ખાસ તાલિમ વર્ગોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

હોસ્પિટલની સફાઈ સહિતની કામગીરીને પણ સઘન બનાવવામાં આવી છે. મળતી વિગતો મુજબ જે થોડુ ગણુ મરામતનું કામ બાકી છે તે પણ એકાદ-બે દિવસમાં પૂર્ણ કરી દેવામાં આવશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ એ રાજ્યની પ્રથમ સરકારી હોસ્પિટલ

● અનુસંધાન પાન-૭ પર


**મળશે**

ડૉ. પ્રકાશ જોષી પરદેશથી પરત આવી ગયા છે. તા. ૧/૯/૨૦૧૪થી નિયમિત હોસ્પિટલ પર મળશે.


## જિલ્લા પ્રભારી સચિવોને જિલ્લાના તમામ તાલુકાઓની મુલાકાત લેવા પુનઃ સૂચના અપાઈ

ગાંધીનગર, તા. ૨૯

જિલ્લા પ્રભારી સચિવોને એક વર્ષમાં જિલ્લાના દરેક તાલુકાઓને જિલ્લાની મુલાકાત દરમિયાન આવરી લેવા માટેની તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લા પ્રભારી સચિવો દ્વારા લેવામાં આવતી જિલ્લાની મુલાકાત દરમિયાન જિલ્લા

● અનુસંધાન પાન-૭ પર





